વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

સંચાલિત

# શ્રી મિતેન - વિજય મહેતા સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સીસ

**હવે JEE મેઈનની પરીક્ષા વર્ષમાં બે વાર જાન્યુઆરી અને એપ્રિલમાં લેવાશે. તથા NEET ની પરીક્ષા વર્ષમાં બે વાર ફેબ્રુઆરી અને મે માં થવાની શક્યતા છે. તેથી વિજ્ઞાનપ્રવાહ માટે પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ થવી જરૂરી છે. આ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં JEE/NEET ના ફાઉન્ડેશન વર્ગો તથા ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફાઉન્ડેશન વર્ગોમાં પ્રવેશ અંગે સૂચનાઓ.**

- પ્રવેશ ફોર્મ વિદ્યામંદિરની વેબસાઈટ www.vidyamandir.org પરથી તા. ૦૧-૩-૨૦૧૯ થી તા. ૨૦-૩-૨૦૧૯ દરમિયાન ઓનલાઈન ભરી શકાશે. ફોર્મ ઓનલાઈન ભરી, ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી પ્રવેશ ફી રૂા. ૫૦૦ સાથે મધ્યસ્થ કાર્યાલય, વિદ્યામંદિર મેઈન કેમ્પસ ખાતે કામકાજના દિવસો/કલાકો દરમિયાન સવારે ૧૦:૦૦ થી ૪:૦૦ દરમિયાન જમા કરાવવું.
- વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે બે તબક્કામાં પ્રવેશ કસોટી લેવાશે. આ પ્રવેશ કસોટીઓ બંને પ્રવાહ માટે એક સરખી જ રહેશે.
- ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા હશે તેમની પરીક્ષાની બેઠક વ્યવસ્થાની યાદી તા. ૨૧-૦૩-૨૦૧૯ને ગુરુવારે સાંજે ૬:૦૦ કલાક સુધીમાં વિદ્યામંદિરની વેબસાઈટ www.vidyamandir.org પર મૂકવામાં આવશે. જે વિદ્યામંદિરના નોટિસ બોર્ડ પર તા. ૨૩/૦૩/૨૦૧૯ ના પરીક્ષા સમયે પણ મુકવામાં આવશે.
- વિદ્યાર્થીઓએ તા.૨૩-૩-૨૦૧૯ શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે તાલેબાગ કેમ્પસની બહારના નોટીસ બોર્ડ પર પોતાનો નંબર જોઈ દર્શાવેલ રૂમમાં પરીક્ષા આપવા બેસવું.
- સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન પ્રથમ તબક્કામાં બહુવિકલ્પીય પ્રશ્ન (MCQ) પદ્ધતિથી OMR દ્વારા પરીક્ષા લેવાશે. કસોટીના કુલ ગુણ ૬૦ રહેશે. (ગણિત- ૨૫ ગુણ, વિજ્ઞાન- ૨૫ ગુણ, અંગ્રેજી - ૧૦ ગુણ)
- પ્રથમ કસોટીને અંતે ભોજન બાદ ૧૨:૩૦ થી ૧:૩૦ કાઉન્સલીંગ બેઠક કાનુભાઈ મહેતા ભવન ખાતે વિદ્યાર્થી તથા વાલી સાથે યોજાશે. (પરીક્ષાર્થી અને તેના એક વાલી માટે સંસ્થામાં ભોજનની વ્યવસ્થા વિદ્યામંદિર તરફથી કરવામાં આવેલ છે.)
- આ પ્રવેશ કસોટીનું પરિણામ તે જ દિવસે બપોરે ૧:૩૦ કલાકે જાહેર થશે. દ્વિતીય પ્રવેશ કસોટી પ્રથમ પ્રવેશ કસોટીના પરિણામના આધારે મુકેલ યાદીમાં સામેલ વિદ્યાર્થીઓની જ લેવાશે. જે વિદ્યાર્થીનું નામ દ્વિતીય પ્રવેશ કસોટી માટે પસંદ થયું હોય તે વિદ્યાર્થીએ યાદીમાં દર્શાવેલા રૂમમાં ૨.૦૦ વાગ્યા સુધીમાં પોતાનું સ્થાન લેવાનું રહેશે. જેનો સમય ૨:૧૫ થી ૪:૧૫ નો રહેશે.
- દ્વિતીય પ્રવેશ કસોટી ૬૦ ગુણની રહેશે. આ પ્રવેશ કસોટી લેખિત પરીક્ષા પદ્ધતિથી લેવાશે.
  (ગણિત- ૨૫ ગુણ, વિજ્ઞાન- ૨૫ ગુણ, અંગ્રેજી - ૧૦ ગુણ)
- દ્વિતીય પ્રવેશ કસોટીનું પરિણામ તા. ૨૪-૩-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વિદ્યામંદિરના નોટિસ બોર્ડ પર મુકવામાં આવશે.
- આ યાદીમાં ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ JEE/NEET ના ફાઉન્ડેશન વર્ગો માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓએ રૂા.૧૦,૦૦૦/- રોકડા તા. ૨૭/૦૩/૨૦૧૯ સુધીમાં જમા કરાવવા તથા રૂા. ૫૦,૦૦૦ નો 'વિદ્યામંદિર ટ્રસ્ટ,પાલનપુર'ના નામનો એકાઉન્ટ પેયી ચેક તા. ૦૧/૦૪/૨૦૧૯ નો આપવાનો રહેશે અને ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફાઉન્ડેશન, CWA ફાઉન્ડેશન, CS ફાઉન્ડેશન, સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગો માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓએ તા.૨૭-૩-૨૦૧૯ સુધી રૂા.૧૦,૦૦૦/- રોકડા જમા કરાવવાના રહેશે.
- ફાઉન્ડેશન વર્ગો તા.૦૪-૪-૨૦૧૯ થી ૦૪-૦૬-૨૦૧૯ દરમિયાન ચાલશે. ફાઉન્ડેશન વર્ગો ને અંતે લેવાયેલી અભિયોગ્યતા કસોટીના પરિણામને આધારે વિદ્યામંદિર ટ્રસ્ટ (લઘુમતી ટ્રસ્ટ) સંચાલિત ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં ધો.૧૧ - ૧૨ના પ્રવેશ માટે અગ્રીમતા આપવામાં આવશે. અભિયોગ્યતા કસોટીમાં અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં થઈ પ્રથમ કુલ ૨૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

નોંધ:-૧. દરેક વિદ્યાર્થીએ ફોટો આઈ.ડી.પ્રૂફ તરીકે પોતાની એસ.એસ.સી. પરીક્ષાની રીસીપ્ટ સાથે રાખવી જરૂરી છે. જો રીસીપ્ટ ખોવાઈ ગયેલ હોય તો વિદ્યાર્થીનું આધારકાર્ડ માન્ય ગણાશે.

૨. ઓનલાઈન ફોર્મ ભરવા માટે મદદની જરૂર હોય તેમણે જરૂરી ડોક્યુમેન્ટ સાથે કેપ્ટન શ્રી એ.ડી. લોહાણી કેમ્પસમાં શ્રી વી.સી.મહેતા આઈ.ટી. સેન્ટરમાં હેલ્પલાઈન સેન્ટર ખાતે સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી રૂબરૂ આવવું .

૩. કોઈપણ પ્રકારની ફી કોઈપણ સંજોગોમાં પરત મળવા પાત્ર નથી.

શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર તેના JEE / NEET અને સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં એસ.એસ.સી.માં એ-૧ ગ્રેડ મેળવનાર તમામ (ધોરણ-૧૧ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના) વિદ્યાર્થીઓને ૩૦,૦૦૦ રૂા. સ્કોલરસીપ મળશે. ધોરણ-૧૨ માં એવરેજ ૮૦% જાળવી રાખનારને ફરીથી ૩૦,૦૦૦ રૂા. સ્કોલરસીપ મળશે.